# હિસાબ નિયામકશ્રીની કચેરી

**નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી**

**યુનિવર્સિટી ભવન, એરૂ ચાર રસ્તા, દાંડી રોડ, નવસારી – ૩૯૬૪૫૦**

NAVSARI AGRICULTURAL UNIVERSITY

Azadi Ka Amrit Mahotsav

**વંચાણમાં:**- આ કચેરીના પત્ર ક્રમાંક નંજા.નં. નકૃયુ/હિનિ/વહટ/૧૫૮૦/૨૦૨૩ નવસારી, તા.૧૫/૦૪/૨૦૨૩.

## પરિપત્ર

**વિષય:- સને ૨૦૨૩-૨૪ ના વર્ષ માટે IT-TDS માટે 24Q અને 26Q ના રિટર્ન ફાઈલ કરી ફોર્મ નં.-16/16A ઈશ્યુ કરવાની કામગીરી સોપવા બાબત.**

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ કચેરીના વડાશ્રીઓ તેમજ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓને જણાવવાનું કે, ઉપરોક્ત વંચાણમાં લીધેલ પત્ર ક્રમાંકથી નવસારી કૃષિ યુનિવર્સિટીની તમામ કચેરીઓની નાણાંકીય વર્ષ **૨૦૨૩-૨૪** માટે ઇન્કમ ટેક્ષ સંબંધી **IT-TDS માટે 24Q અને 26Q ના રિટર્ન ફાઈલ કરી ફોર્મ નં.-16/16A ઈશ્યુ કરવાની કામગીરી Shah Patel Shukla & Asssociates, Ahmedabad** ને સોપવામાં આવેલ છે. જેથી ચાલુ નાણાંકીય વર્ષની આવકવેરા સંબધી **IT-TDS** ઓનલાઇન ફાઈલીંગની સઘળી કામગીરી ઉપરોક્ત એજન્સી/ પાર્ટી દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિ પાસેથી કરાવવાની રહેશે. તો દરેક કચેરીના દર ત્રિમાસિક **24Q** અને **26Q** ની **TDS** ની માહિતી ઇન્કમટેક્ષ વિભાગને ઓનલાઇન ફાઈલ કરવાની થતી હોય, જે માટે આપની કચેરીના **24Q** ની માહિતી માટે પગારબીલ સાથે જોડવામાં આવેલ કર્મચારીઓનું ઇન્કમટેક્ષ કપાત પત્રક અને **26Q** ની માહિતી અને બેંકમાં જમા કરાવેલ **TDS** ની રકમના ચલણની નકલ તેમજ ડીડીઓ ની માહિતી દર્શાવતું પત્રક ક્વાર્ટર પૂરું થયાના **દિવસ-૫** માં **ઉક્ત એજન્સી/ પાર્ટીના ઈમેલ ઉપર સોફ્ટકોપી** મોકલી આપવાની રહેશે. તેમ છતાં સમય મર્યાદામાં સદરહુ માહિતી જે તે કચેરી તરફથી પૂરી પાડવામાં નહીં આવે તો આવકવેરા સંબધી જે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થશે તેની સઘળી જવાબદારી નાણાં ઉપાડ અને ચૂકવણા અધિકારીશ્રીની રહેશે.

**વધુમાં, સદરહુ કામગીરીના બીલોના ચુકવણા અત્રેની કચેરીથી કરવામાં આવશે જેથી અન્ય કોઈ કચેરીએ આ બાબતે કોઈપણ પ્રકારનું ચૂકવણું કરવાનું રહેશે નહીં. જેની નોંધ લેવી.**

| | | | |
|---|---|---|---|
| ૧. | **એજન્સી/ પાર્ટીનું નામ** | : | Shah Patel Shukla & Associates |
| ૨. | **એજન્સી/ પાર્ટીનું સરનામું અને સંપર્ક માટેની માહિતી** | : | A-218, Binali Complex, Opp. Torrent Power, Nr. AEC Cross Road, Naranpura, AHMEDABAD-380 013. **Mo:** 9824129911, 7940304706 **Email:** info.spsa@gmail.com |
| ૩. | **સદર કામગીરી માટે એજન્સી/ પાર્ટી દ્વારા નિયુક્ત કરેલ વ્યક્તિનું નામ અને મોબાઇલ નંબર અને ઈમેલ એડ્રેસ** | : | **Name:** Komal Shah<br>**Email:** info.spsa@gmail.com<br>**Mo:** 9879445199 |

**જા.નં. નકૃયુ/હિનિ/વહટ/ ૧૫૮૫/૨૦૨૩**
**નવસારી, તા. ૧૫/૦૪/૨૦૨૩**

**હિસાબ નિયામક**

**Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.**

**નકલ સવિનય રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના તમામ કચેરી વડાશ્રીઓ તરફ.

**(૨)** અત્રેની યુનિવર્સિટીના તમામ ઉપાડ અને ચુકવણા અધિકારીશ્રીઓ તરફ.

**નકલ રવાના (e-પરિપત્ર દ્વારા જાણ તથા અમલ થવા સારૂ):–**

**(૧)** અત્રેની યુનિવર્સિટીના વહીવટી-વ-હિસાબી અધિકારીશ્રી તરફ.

**(૨)** Shah Patel Shukla & Associates, અમદાવાદ તરફ જાણ સારું તથા ટેન્ડરની શરત મુજબ કામગીરી હાથ ધરવાની રહેશે.

**Please consider your environmental responsibility. Before printing this circular message, ask yourself whether you really need a hard copy.**